# આત્મધર્મ

માસિક : વર્ષ-૫ * અંક-૯ * મે, ૨૦૧૧



દરેક જીવ જોકે પોતાની જ પર્યાયના સામર્થ્યને જાણે છે પરંતુ તેને પોતાના જ્ઞાનનો ભરોસો આવતો નથી તેથી તે પરનું બહુમાન કરવામાં રોકાય છે અને સ્વને ભૂલી જાય છે. પરંતુ 'હું મારા જ્ઞાન-સામર્થ્યને જાણું છું, પરને ખરેખર જાણતો નથી અને મારું જ્ઞાન-સામર્થ્ય તો પરિપૂર્ણ છે'—એમ સ્વનો મહિમા આવે તો કોઈ પરનો મહિમા આવે નહીં.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* હે મન! તેરે દ્વારા જો અનેક પ્રકારકે ભોગ, ભોગ-ભોગ કરકે છોડે જા ચૂકે હૈં, અહો! બડે ખેદકી બાત હૈ કિ તૂ બાર બાર ઉનહી કો ઈચ્છા કરતા હૈ, વે ભોગ તેરી ઈચ્છામેં અગ્નિ ડાલનેકે સમાન હૈ અર્થાત્ તૃષ્ણાકો બઢાનેવાલે હૈં. તૃષ્ણાકી બુદ્ધિકો રખનેવાલા ઐસા તૂ જો હૈ સો તેરી તૃપ્તિ ઉન ભોગોંસે કભી ભી નહીં હો સકતી હૈ. જૈસે કડી ધૂપસે તપ્તાયમાન સ્થાનમેં યા આગમેં તપાએ હુએ સ્થાનમેં કિસ તરહ વેલ ઉગ સકતી હૈ? ૧૨૧૦.

*(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૬૧)*

* તીવ્ર તૃષા, તીવ્ર ક્ષુધા, તીવ્ર રોગ વગેરેથી પીડિત પ્રાણીને દેખી અજ્ઞાની જીવ 'કોઈ પણ પ્રકારે હું આનો પ્રતિકાર કરું' એમ વ્યાકુળ થઈને અનુકંપા કરે છે. જ્ઞાની તો સ્વાત્મભાવનાને નહીં પ્રાપ્ત કરતો થકો (અર્થાત્ નિજાત્માની અનુભવની ઉપલબ્ધિ ન થતી હોય ત્યારે), સંક્લેશના પરિત્યાગ વડે (–અશુભ-ભાવને છોડીને) યથાસંભવ પ્રતિકાર કરે છે તથા તેને દુઃખી દેખીને વિશેષ સંવેગ અને વૈરાગ્યની ભાવના કરે છે. ૧૨૧૧.

*(શ્રી જયસેન આચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૧૩૭)*

* બુદ્ધિમાનોંકો સદા હી પ્રથમ સમ્યગ્દર્શનકા ઉપદેશ કરના ચાહિયે. યહ સમ્યગ્દર્શન આત્માકા શુદ્ધ સ્વભાવ હૈ. દર્શન જ્ઞાનમયી અવિનાશી નિશ્ચલ આત્માકા ગુણ સમ્યગ્દર્શન હૈ. ૧૨૧૨. *(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૧૭૫)*

* અચેતન અનુપયોગી જડ દેખતું નથી, જાણતું નથી, એ તો પ્રસિદ્ધ છે. જો શરીર દેખતું–જાણતું હોય તો જીવ ગત્યાંતર થાય ત્યારે શરીર કેમ દેખતું નથી? માટે આ દેખવા-જાણવા વડે પોતાને ચેતનરૂપ પ્રત્યક્ષ નિશ્ચય કરી, સ્વરૂપને ચેતન માની, અચેતનનું અભિમાન તજવું એ મોક્ષનું મૂળ છે. ૧૨૧૩.

*(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૯૪)*

* ગુરુ વહ હૈ જો ગુપ્ત આધ્યાત્મિક તત્ત્વકા ઉપદેશ દેતે હો, ગુરુ વહ હૈ જિનકા આત્મા શુદ્ધ સ્વભાવધારી વીતરાગ હૈ. ગુરુમેં સમ્યગ્દર્શન વ સમ્યગ્જ્ઞાનકી પ્રધાનતા હૈ. જો દર્શનમોહકે ઉદયસે અંધા હૈ વહ કુગુરુકો ગુરુ માન લેતા હૈ. ૧૨૧૪. *(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૧૮૨)*

વર્ષ-૫

અંક-૯




સંવત

૨૦૬૭

May

A.D. 2011

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


# દૃષ્ટિના જોરની ખુમારી

(શ્રી સમયસાર નાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૦)

આ, શ્રી સમયસાર નાટકનો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. કળશ ૩૫-૩૬ ઉપરનું ૯૮-૯૯મુ પદ્ય છે, તેમાં જ્ઞાનીનો વિચાર કહે છે.

मृषा मोहकी परनति फैली।
तातैं करम चेतना मैली॥
ग्यान होत हम समझी एती।
जीप सदीप भिन्न परसेती॥९८॥

અહીં જ્ઞાનીના શ્રદ્ધા-જ્ઞાન કેવા હોય છે તે બતાવે છે.

અર્થ :—પહેલાં જૂઠા મોહનો ઉદય ફેલાઈ રહ્યો હતો, તેનાથી મારી ચેતના કર્મસહિત હોવાથી મલિન થઈ રહી હતી, હવે જ્ઞાનનો ઉદય થવાથી અમે સમજી ગયા કે આત્મા સદા પર-પરિણતીથી ભિન્ન છે.

ધર્મી એમ વિચારે છે કે પહેલાં તો અનાદિથી પરિણામમાં રાગ-દ્વેષ-મોહ અને પુણ્ય-પાપના ભાવ હતા, તે જૂઠી એવી મોહની પરિણતી હતી. તેના વડે મારી કર્મચેતના મેલી હતી. હું રાગમાં શેકાઈ જતો હતો, મોહથી મારી પરિણતી મેલી હતી.

મારો ભગવાન આત્મા તો આનંદની ખાણ છે, તેમાં રાગનો મેલ ક્યાંથી પ્રસરે! પરિણતીમાં જૂઠી મોહ-રાગ-દ્વેષચેતના ફેલાઈ ગઈ હતી તે દુઃખદાયક હતી. તેનું ભેદજ્ઞાનરૂપ સમ્યક્‌જ્ઞાન થતાં હું તો ચૈતન્ય છું, જ્ઞાન છું, આનંદ છું—એમ ભાન થતાં

'રાગાદિથી મેલી થયેલી દશા હું નહિ, હું ત્રણેકાળ રાગની પરિણતીથી જુદો ભગવાન આત્મા છું' એવો અનુભવ થાય છે.

આવો અનુભવ થતાં સ્ત્રી, પુત્ર, મકાન, દુકાન તો ક્યાંય દૂર રહી જાય છે. અજ્ઞાનપણામાં મેં તેને મારા માન્યા હતા. તે મારી મિથ્યાત્વદશા હતી. હવે જ્ઞાન થતાં....અરે! હું તો ચૈતન્યજ્યોત જ્ઞાતાદૃષ્ટા છું! હું વ્રત, દયા, દાન, પૂજાના ભાવથી પણ ત્રિકાળ ભિન્ન છું. મારી ચીજ રાગની દશાથી ત્રિકાળ ભિન્ન છે.—એવું ભાન થતાં જ્ઞાનચેતના પ્રગટ થઈ ગઈ. આ જ્ઞાનચેતનાને જ ધર્મ અને મોક્ષનો માર્ગ કહેવાય છે.

जीव अनादि सरूप मम, करम रहित निरुपाधि।
अविनाशी असरन सदा, सुखमय सिद्ध समाधि॥९१॥

અર્થ :—અમારું સ્વરૂપ ચૈતન્ય છે, અનાદિ છે, કર્મરહિત છે, શુદ્ધ છે, અવિનાશી છે, સ્વાધીન છે, નિર્વિકલ્પ અને સિદ્ધ સમાન સુખમય છે.

અહીં આત્માને અશરણ કહ્યો એટલે કે તેને કોઈના શરણની જરૂર નથી કેમ કે પોતે જ ઈશ્વર છે, ત્રણલોકના નાથ તીર્થંકરનું પણ ભગવાન આત્માને શરણ નથી.

जीव अनादि सरूप मम.....ખોટા કરમનો ઉદય ચાલી રહ્યો હતો ત્યાં સુધી મલિનતા હતી. હવે તો અમને અમારા ચૈતન્યસ્વરૂપનું ભાન થતાં અમે તો જગતના સાક્ષી–સૂર્ય છીએ. સમ્યગ્જ્ઞાન થતાં ધર્મી આમ જાણે અને માને છે કે અમે તો ચૈતન્યસૂર્ય છીએ અને તે પણ અનાદિથી! અમારું સ્વરૂપ આવું જ છે, કાંઈ નવું સ્વરૂપ પ્રગટ્યું નથી. મારો પ્રભુ અનાદિ હોવાથી મારું સ્વરૂપ અનાદિ છે.

હું પોતે જ અનાદિ હોવાથી મારું સ્વરૂપ અનાદિ છે. વિકાર કે શરીર કે કર્મ કોઈનો મારા સ્વરૂપમાં પ્રવેશ નથી. સમ્યગ્દૃષ્ટિ ભલે ગૃહસ્થાશ્રમમાં, છ ખંડના રાજ્યમાં દેખાય પણ ધર્મી એમાં રહેલા નથી. ધર્મી તો પોતાના અનાદિ નિરૂપાધિસ્વરૂપમાં રહેલાં છે. અરે! મારા સ્વરૂપમાં રાગ પણ નથી એવો હું છું, હું શુદ્ધ છું. બીજી કોઈ ઉપાધિ તો મારે નથી પણ રાગની ઉપાધિ પણ મારામાં નથી.

જુઓ! આ ધર્મની પ્રથમ સીઢી ચડનારો જીવ જ્યારે આત્માને આવો નિર્મળ નિરૂપાધી અનુભવે ત્યારે તેને સમકિતી કહેવાય છે. તે હજું સાધુ નથી, ગૃહસ્થાશ્રમમાં છે છતાં તેનાથી પોતાને રહિત અનુભવતો હોવાથી ધર્મી છે.

ભગવાન આત્મા સત્....સત્ છે. જે છે તેનો નાશ શી રીતે હોય? માટે હું તો અનાદિ અનંત છું. વળી સદા અશરણ છું એટલે કે સ્વાધીન છું. તીર્થંકર ત્રિલોકીનાથનું પણ મારે શરણ નથી. 'ભક્તિથી મુક્તિ થશે' એમ માનનારને આ વાત આકરી પડે એવી છે. અહીં તો કહે છે કે ત્રણલોકના નાથ તીર્થંકરને પકડ તો પણ ધર્મ નથી! એમ વાત છે. ભક્તિ એ તો વિકલ્પ છે, તે કેમ શરણ થાય! આત્મા સ્વયં શરણ છે તેને કોઈ બીજાનું શરણ નથી. જે પોતે ઈશ્વર છે તેને કોનું શરણ હોય! અરિહંતા શરણમ્, સિદ્ધા શરણમ્....કહેવાય છે તે વ્યવહાર છે. નિશ્ચયથી મારે કોઈનું શરણ નથી. હું તો પોતે સ્વાધીન છું, ઈશ્વર છું એવી દૃષ્ટિ થવી તેને સત્યદૃષ્ટિ કહેવામાં આવે છે.

ભગવાનની ભક્તિ કરશું, ભગવાનનું સ્મરણ કરશું તો આપણું કલ્યાણ થઈ જશે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે, જૈનને નહીં માનનારા છે, વીતરાગદેવને માનનારા નથી. આત્મા પોતે અનાદિ અનંત ઈશ્વર છે. ઈશ્વરને કોઈનું શરણ હોઈ શકે નહીં. હું પરની જરૂરિયાત વિનાનો છું. માંગલિકમાં ચાર શરણ કહ્યા છે તે વ્યવહારથી છે. આત્મામાં તો પરની નાસ્તિ છે, એવું જ એનું સ્વરૂપ છે. છતાં જે એમ માને છે કે મને પરનું શરણ છે તો એ ખરેખર નાસ્તિક છે.

હું તો પ્રભુતાથી ભરેલો પરમેશ્વર છું. મારી બધી શક્તિઓ પરમેશ્વર છે–સામર્થ્યવાળી છે! આ જ સત્ય વાત છે. પણ તેના ભાન વિના અનાદિથી ઓશિયાળો–ભિખારી થઈ રહ્યો છે. તેને ભગવાનનો ટેકો મળે તો ઊભો થાય એવું એનું સ્વરૂપ નથી. આત્મા સદા અશરણ છે. કોઈનું શરણ હોય તો હું રહું એવું મારું સ્વરૂપ નથી. હું પરના શરણ વિનાનો છું—એમ માને તો એને આસ્તિક થયો કહેવાય. પરનો એને આધાર મળે તો એ ખીલે એવો એ આત્મા નથી.

પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જણાય એવો આત્મા છે. પરથી જણાય એવી એ ચીજ નથી. આત્મા એવો છે જ નહીં. सुखमय सिद्ध समाधि...આત્મા સદા સુખમય, નિર્વિકલ્પ અને સિદ્ધ સમાન છે. ધર્મી એમ અનુભવે છે કે હું સદાય સિદ્ધ સમાન સુખમય છું. આમ જાણે છે અને માને છે તે સમ્યગ્દૃષ્ટિ છે. આત્માને જાણ્યા વિના ભગવાન કહે છે તે નવતત્ત્વ સાચા છે એમ માનનાર સમ્યગ્દૃષ્ટિ નથી.

નાનું બાળક જ્યાં સુધી એકલું ચાલી ન શકે ત્યાં સુધી તેને ચલનગાડી જોઈએ તેમ, આત્માને પહેલાં બીજાનું શરણ જોઈએ એવું આત્માનું સ્વરૂપ નથી. આત્મા સદાય

પરના શરણ વિનાનો જ છે. આ વસ્તુના સ્વરૂપની વાત છે. પુરુષાર્થની વાત પછી છે. જે હજુ પોતાના શરણને પામ્યો નથી તેને ગુરુ કહે છે કે તું પૂર્ણ શરણસ્વરૂપ છો, તારે પરનું શરણ નથી! આત્માને આવો માનીશ ત્યારે તે આત્માને ઓળખ્યો ને માન્યો કહેવાશે.

આ તો વીતરાગના દરબારની વાત છે. શ્રીમદ્ કહે છે કે—

"વચનામૃત વીતરાગના, પરમશાંત રસ મૂળ,
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ."

કાયરજીવોને વીતરાગની વાત પ્રતિકૂળ લાગે છે. પણ, 'રણે ચડ્યો રજપૂત છૂપે નહીં' એમ પરના શરણ વિનાના અશરણ આત્માને જાણી લે તે સ્વનું શરણ લીધા વગર રહે નહીં. પરનું શરણ હોય તો ટકે એવું વસ્તુનું સ્વરૂપ જ નથી.

આત્માની એક એક શક્તિ ઈશ્વરશક્તિથી ભરેલી છે. ૪૭ શક્તિમાં પ્રભુત્વશક્તિ લીધી છે ને! તે પ્રભુત્વશક્તિ દરેક શક્તિને નિમિત્ત છે, તેથી દરેક શક્તિ ઈશ્વર-સ્વભાવ સહિત છે; પણ એણે હું કેવો અને કેવડો, કેવી શકિતવાળો છું એ વાત કદી સમજણમાં એને શ્રદ્ધામાં લીધી નથી.

ધર્મી–જ્ઞાની એમ વિચારે છે કે સિદ્ધને જેવો અતીન્દ્રિય આનંદ પૂર્ણ પ્રગટ છે એવા અતીન્દ્રિય આનંદની શક્તિનો હું નાથ છું. 'હું પૂર્ણ જ છું' એવા દ્રવ્યસ્વભાવની પ્રતીતિ પ્રથમ હોય. પર્યાય તો એક અંશ છે અને રાગાદિ તો પર છે. સમજાણું કાંઈ! ત્રિકાળસ્વભાવ તે હું છું, એક સમયનો પર્યાય કે રાગ એ ત્રિકાળી આત્મા નથી.

હવે, ૩૭મા કળશમાં શું કહે છે? કે—સમ્યગ્દૃષ્ટિ–આત્માની આસક્તિવાળો, આત્માને માનનારો, જાણનારો, અનુભવનારો જીવ એમ માને છે કે—

मैं त्रिकाल करनीसौं न्यारा,
चिद्विलास पद जग उजियारा॥
राग विरोध मोह मम नांही,
मेरौ अवलंबन मुझमांही॥१००॥

અર્થ :—હું સદૈવ કર્મથી ભિન્ન છું, મારો ચૈતન્યપદાર્થ જગતનો પ્રકાશક છે, રાગ-દ્વેષ-મોહ મારા નથી, મારું સ્વરૂપ મારામાં જ છે.

मैं त्रिकाल करनीसौं न्यारा.....કરણી એટલે ક્રિયા. કઈ ક્રિયા?—કે દયા, દાન, પૂજા, ભક્તિ આદિ ક્રિયાથી હું ત્રણેકાળ જુદો છું. કેમ કે રાગની ક્રિયા તો પુણ્યતત્ત્વ છે અને ભગવાન આત્મા તો જ્ઞાયકતત્ત્વ છે. જો જ્ઞાયક અને પુણ્યતત્ત્વ એક થઈ જાય તો બે તત્ત્વ ભિન્ન નહીં રહે. નવતત્ત્વને નવરૂપે રાખે–જુએ તો જ એણે નવતત્ત્વને જાણ્યા ને માન્યા કહેવાય.

અરે! જીવની પર્યાયમાં અનાદિકાળથી દુકાળ પડ્યો છે. આ બહારમાં વરસાદ ન થાય, દુકાળ પડે તો લોકો રાડ પાડી જાય. હા...હાકાર થઈ જાય. ૫૬ની સાલનો દુકાળ અમે નજરે જોયો હતો. પાંચ-છ ઈંચ વરસાદ આવ્યો હતો એટલે થોડું ઘાસ થયું હતું પણ અનાજ જરાય થયું નહિ. ત્રાસ ત્રાસ થઈ ગયો હતો. ગાય પાંચ-છ દિવસથી ભૂખી હતી પણ એને ઘાસનું એક તરણું પણ ખાવા મળેલું નહીં. ભરવાડ એની ગાયુ ઉપર ધાબળો નાંખીને રોતો હતો. એ નજરે જોયું છે. ગાયુની આંખમાંથી આંસુ પણ સૂકાઈ ગયા હતા. ચોખા ઘણા સસ્તા હતા પણ એ વખતે લોકો પાસે પૈસા ન હતા. ઘણાં વર્ષ પછી દુકાળ પડ્યો એટલે બધા રાડ પાડી ગયા. પણ.....આ તારી પર્યાયમાં અનંતકાળથી દુકાળ છે તેનું શું? આત્મા કોણ છે એવા અંકુરાનો પણ અભાવ છે. પોતાની પર્યાયમાં રાગથી કલ્યાણ માનવું, રાગથી લાભ માનવો એ દુકાળ છે.

ભાઈ! આ તો સર્વજ્ઞનો મારગ છે એટલે કે સર્વજ્ઞસ્વભાવી આત્માનો મારગ છે. રાગરૂપે થવાનો તો નહિ પણ અલ્પજ્ઞપણે રહેવાનો પણ એનો સ્વભાવ નથી. વસ્તુ–આત્મા પોતે સર્વજ્ઞસ્વભાવી છે. માટે, સર્વજ્ઞ થઈને રહેવાનો તેનો સ્વભાવ છે.

चिद्‌विलास पद जग उजियारा...મારો ચૈતન્યપ્રકાશ તો જગતનો પ્રકાશક છે. જાણનાર ચૈતન્યજ્યોતિ વિના બધે અંધારું છે. કર્મ, શરીર, જડ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, રાગ આદિ બધામાં અંધકાર છે. જ્ઞાનનો પ્રકાશ તો એક ચૈતન્યમૂર્તિમાં જ છે. એ જો ન હોય તો દુનિયામાં અંધારું છે તે પણ કોણ કહે! શરીર, વાણી, મન, દાળ-ભાત, મકાન, દુકાન બધા પદાર્થો આંધળા છે. અરે! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ, પંચમહાવ્રતનો રાગ, દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ એ પણ આંધળો છે. આ અંધારાને પકડીને ચૈતન્ય બેઠો છે, પણ એ અંધારું કાંઈ એનું સ્વરૂપ નથી.

જગતમાં જાગતી જ્યોત કોઈ હોય તો એ આત્મા છે. આત્મા જ બધાનો પ્રકાશક

છે. હું આત્મા છું તો મને જાણું છું અને આ બધાને જાણું છું. હું જ બધાનો ઉજિયારો છું. મારું તત્ત્વ જ ઉજિયારું છું.

राग-विरोध मोह मम नांही। मेरो अवलंबन मुझमांही॥ 'જિનાગમ અને જિનબિંબ જગના આધાર....' એમ કહેવાય છે, પણ અહીં તો કહે છે કે મારું અવલંબન મારામાં છે. મારે કોઈ અન્યનું અવલંબન નથી. કાયરના તો કાળજા કંપી જાય એવી વાત છે. આ તો ચૈતન્ય મહારાજાનો ધર્મ છે. ચૈતન્યમહારાજા કોઈને નમે એવો નથી. જે નમે છે એ તો વિકલ્પ છે. લગનમાં ગાય છે ને! 'નહિ નમે રે, નહિ નમે...મોટાના છોરું નહિ નમે' એમ અહીં મોટો ભગવાન આત્મા સિદ્ધને પણ નહિ નમે. એ એનું નમતું નહિ મૂકે. દસ હજારનો હીરો જોખે ત્યાં નમતું જોખતો હશે! નમતું જોખે તો હજારનું વધારે જતું રહે. ૯૯ની સાલમાં બેચરભાઈ બે હીરા લાવેલા. આઠ રતિભારનો હીરો ૮૦ હજારનો હતો એટલે એક રતિભારના દસ હજાર થયા. ભગવાનના સમયમાં તો હીરા એક એક કરોડના હતા. લાદીમાં હીરા વપરાતા હતા. તીર્થંકરના પુણ્યનું શું કહેવું! ઈન્દ્રો અને નરેન્દ્રો પણ તીર્થંકર પાસે ગલુડિયાની જેમ ઊભા હોય. જે સત્તાપ્રિય સાહેબા હોય, જેની દસ દસ હજાર રાજાઓ સેવા કરતાં હોય, ૩૨૦૦૦ રાજાનો સ્વામી ચક્રવર્તી હોય તે પણ ભગવાન પાસે નમ્ર થઈને ઊભા રહે છે.

પણ અહીં તો આત્માનું સ્વરૂપ કહે છે કે આત્મા કોઈને નમે એવું આત્માનું સ્વરૂપ નથી એને શુભરાગમાં દેવ-ગુરુને નમવાનો વિકલ્પ આવે છે પણ તે વિકલ્પ આત્માનું સ્વરૂપ નથી. આત્માનું અવલંબન આત્મા છે, અન્ય નહીં. હવે ૧૦૧મુ પદ્ય–

सम्यक्‌वंत कहै अपने गुन,
मैं नित राग-विरोधसौं रीतौ।
मैं करतूति करूँ निरवंछक,
मोहि विषै रस लागत तीतौ॥
सुद्ध सुचेतनकौ अनुभौ करि,
मैं जग मोह महाभट जीतौ।
मोख समीप जायौ अब मोकहुं,
काल अनंत इही विधि वीतौ॥१०१॥

અર્થ :—સમ્યગ્દષ્ટિ જીવ પોતાનું સ્વરૂપ વિચારે કે હું સદા રાગ-દ્વેષ-મોહ રહિત

છું, હું લૌકિક ક્રિયાઓ ઇચ્છા વિના કરું છું, મને વિષયરસ તીખો લાગે છે, મેં જગતમાં શુદ્ધ આત્માનો અનુભવ કરીને મોહરૂપી મહાયોદ્ધાને જીત્યો છે, મોક્ષ તદન મારી સમીપ થયો છે, હવે મારો અનંતકાળ આ જ રીતે પસાર થાઓ.

આ સમ્યગ્દષ્ટિની વાત છે ભાઈ! सम्यक्वंत कहै अपने गुन....હું તો શુભાશુભરાગથી ખાલી છું, મારામાં કદી રાગ ન હોય. વ્યવહારરત્નત્રયનો રાગ પણ મારામાં નથી. मैं नीत राग-विरोधसौं रीतौ...એટલે ખાલી છું, શેનાથી?–કે રાગ અને દ્વેષથી હું ખાલી છું–રહિત છું. હું મારા સ્વભાવથી પરિપૂર્ણ છું પણ રાગ-દ્વેષથી ખાલી છું. મને રાગ આવે છે એમ દેખાય છે, રાગની ક્રિયા પણ થાય છે પણ એ બધી વાંછા વિનાની ક્રિયા છે. રાગની ભાવના નથી. રાગ એ લૌકિક છે. લૌકિક ક્રિયા કહો કે વ્યવહાર કહો બંને એક છે. मैं करतूति करूँ निरवांछक। ક્રિયા પાછળ મને કોઈ વાંછા નથી. मोहि विषै रस लागत तीतौ॥ આ ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દષ્ટિ આમ વિચારે છે, કેવળીની વાત નથી. સમકિતીને છ ખંડના રાજ અને રાણીઓનો ભોગ કડવો ઝેર જેવો લાગે છે. તીતૌ એટલે તીખો લાગે છે. વિષયની વાસના એને ઝેર જેવી લાગે છે. રાગમાંથી મીઠાશ ચાલી ગઈ છે. અનુકૂળ સ્ત્રી, અનુકૂળ પૈસા, અનુકૂળ સાહ્યબી, ફરનિચર આદિ બધું અમને ઝેર જેવું કડવું અને તીખું લાગે છે.

આ અત્યારે છોકરાઓ અમેરિકા પોતાને લુંટાવા માટે જાય છે. નોકરીમાં પગાર ખૂબ મળે પણ બધું વપરાઈ જાય છે.

શ્રોતા :—ત્યાં મજા આવે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—ત્યાં ધૂળેય મજા નથી. હોળીની અગ્નિ છે! પાપની કમાણી છે. કેટલાક તો ત્યાં જઈને પછી અહીં આવવાનો વિચાર પણ રાખતા નથી. એક મહિનો આવીને લગન કરીને ભાગી જાય. ત્યાં સુખ ક્યાં હતું! બધાં હેરાન થવાના રસ્તા છે.

અહીં કહે છે કે પાંચ ઈન્દ્રિયના વિષયનો રસ જ્ઞાનીને કડવો લાગે છે. કેમ? –કે એને ધર્મનો એટલે આનંદનો રસ લાગ્યો છે તેની પાસે વિષયના રસ તીખા ને કડવા લાગે છે. અરે! હું દુઃખના ઘેરાવામાં આવી ગયો!! આવા જીવને ધર્મની દષ્ટિવંત ધર્મી કહેવાય છે.

सुद्ध चेतनकौ अनुभौ करि, मैं जग मोह महाभट जीतौ । જુઓ! ધર્મીએ શુદ્ધ

ચૈતન્યસ્વરૂપનો અનુભવ કરીને, મહાયોદ્ધા એવા મોહને જીતી લીધો છે. જગતમાં બધા પ્રાણીને મોહે જીતી લીધા છે પણ એવા મોહને પણ સમ્યગ્દષ્ટિએ જીતી લીધો છે.

मोख समीप भयौ....હવે મારે સંસારનો કિનારો છે. મોક્ષ મારે નજીક થઈ ગયો છે. એક-બે ભવમાં જ મારો મોક્ષ છે. એમ ધર્મીને અંતરથી પોકાર આવે છે. મારે પરમાનંદની દશા હવે નજીક છે કેમ કે હું પોતે જ મોક્ષસ્વરૂપ છું. અબંધસ્વરૂપના પરિણામ પ્રગટ થઈ ગયા તેથી હવે પૂર્ણ અબંધ પરિણામ થવાની મારે વાર નથી.

હું પરના શરણ વિનાનો છું અને સ્વયં શરણ છું, હું જ મારું અવલંબન છું, હું જ મોક્ષસ્વરૂપ છું—આવું જ્યાં સમ્યક્ જ્ઞાન અને સમ્યગ્દર્શન થયું ત્યાં તેને મોક્ષ તો હવે નજીક જ છે. સિદ્ધપદ સમીપ જ છે. સંસારમાં પરિભ્રમણ થશે એ વાત હવે મારે નથી. કોઈ કહે કે સમકિતથી પડી જવાય તો તો ભવ થાય ને! અરે! અહીં પડવાની વાત જ નથી. પડે કોણ? દ્રવ્ય પડે? દ્રવ્યનો અભાવ થાય? એમ જ્યાં દ્રવ્યનો અનુભવ થયો તે પણ હવે પડે નહીં. આ તો ખુમારી ચડી જાય એવી વાત છે.

જૈસે, અમલી અમલ કરત સમૈ, લાગ રહી જ્યું ખુમારી,
જિનરાજ સુજસ સુન્યો મૈં, કાહુકે કહેં કબહૂ ન છૂટે,
લોકલાજ સબ ડારી.....દુનિયા રહી દુનિયાના ઘરે...

સમ્યગ્દષ્ટિ કહે છે કે હવે મારો અનંતાકળ આ રીતે જ પસાર થાવ. काल अनंत इही विधि बीतौ। આનંદ પ્રગટ થયો તે આનંદમાંથી બહાર નીકળવું હવે કેમ પોસાય! સાદિ અનંત અનંત સમાધિ સુખમાં રહેવું છે. આનું નામ સમકિતી અને આનું નામ ધર્મી...! વિશેષ કહેવાશે. (ક્રમશઃ)

---

✻ એકવાર પ્રસન્ન ચિત્તથી ચૈતન્યસ્વભાવ લક્ષગત થયો એટલે તે નિર્વાણનો જ પાત્ર છે. નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરુષને ભલે હજુ અનુભવ નથી તોપણ એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે....આ જ સ્વભાવ છે...એમ સ્વભાવ-સન્મુખનું જ જોર હોવાથી અનુભવ અવશ્ય કરીને કેવળજ્ઞાન લેવાનો જ છે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આત્મજ્ઞાન રહિત અનેક વ્રતોં કો પાલના ભી ચોરી હૈ

❊ વળી, જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે; **પણ એનું ફળ સંસાર જ છે.** *(–શ્રી સમયસાર, ગાથા ૧૧ના ભાવાર્થમાંથી)*

❊ આચાર્ય કુંદકુંદસ્વામી રયણસારની ગાથા ૧૨૭મા કહે છે કે—

પંચ મહાવ્રતનું પાલન કરવું, ગુપ્તિ સમિતિઓનું પાલન કરવું, બ્રહ્મચર્ય પાળવું, પરિષહો જીતવા, ચારિત્રનું પાલન કરવું, તપશ્ચરણ કરવું, છ આવશ્યકોનું પાલન કરવું, ધ્યાન કરવું, શાસ્ત્રનો અભ્યાસ કરવો—**આદિ બધું સમ્યગ્દર્શન વિના ભવનું બીજ સમજો.**

❊ પં. શ્રી રાજમલજી કળશટીકામાં કહે છે કે—

જેટલું શુભ-અશુભ ક્રિયારૂપ આચરણ અથવા બાહ્યરૂપ વક્તવ્ય અથવા સૂક્ષ્મ અંતરંગરૂપ ચિંતવન, અભિલાષ, સ્મરણ ઈત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે, શુદ્ધ પરિણમન નથી; તેથી બંધનું કારણ છે; મોક્ષનું કારણ નથી. તેથી જેમ કામળાનો (-ચિત્રામ) સિંહ કહેવાનો સિંહ છે તેમ **આચરણરૂપ (ક્રિયારૂપ) ચારિત્ર કહેવાનું ચારિત્ર છે, પરંતુ ચારિત્ર નથી, નિઃસંદેહપણે એમ જાણો.** *(કળશ-૧૦૭)*

અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે—વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી **વિષય–કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ** છે એમ કહે છે—શુભ-અશુભરૂપ કરતૂત (કૃત્ય) નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે. *(કળશ-૧૦૮)*

સર્વજ્ઞ વીતરાગ, જેટલી શુભરૂપ વ્રત-સંયમ-તપ-શીલ-ઉપવાસ ઈત્યાદિ ક્રિયા, વિષય-કષાય-અસંયમ ઈત્યાદિ ક્રિયા તેને **એકસરખી દૃષ્ટિથી** બંધનું કારણ કહે છે. *(કળશ-૧૦૩)*

❊ પર જેનો આશ્રય છે એવો **વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.**

*(શ્રી સમયસાર શ્લોક ૧૩૩)*

❋ પં. શ્રી રાજમલજી પંચાધ્યાયીમાં કહે છે કે–

બુદ્ધિની મંદતાથી આવી આશંકા ન કરવી કે—શુભોપયોગ એકદેશથી પણ નિર્જરાનું કારણ થાય છે. કારણ કે **શુભોપયોગ, અશુભને લાવનાર હોવાથી** તે નિર્જરાદિકનો હેતુ થઈ શકતો નથી તથા ન તો તે શુભ પણ કહી શકાય છે.

*(ભાગ-૨, ગાથા-૭૬૨)*

જેમ દુષ્કાર્યના ઉત્પાદક હેતુને દુષ્ટ કહે છે તે જ પ્રમાણે **અનિષ્ટ ફળદાયી હોવાથી વ્રતક્રિયા ઇષ્ટાર્થરૂપ નથી, પરંતુ અનિષ્ટાર્થ જ છે.**

*(ભાગ-૨, ગાથા-૫૬૮)*

❋ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ નિયમસારમાં કહે છે કે—

**સઘળુંય સુકૃત (શુભકર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે;** પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે તે સઘળાય શુભકર્મને છોડો અને સારતત્ત્વરૂપ એવા ઉભય સમયસારને ભજો એમાં શો દોષ છે? *(શ્લોક-૫૯)*

❋ આચાર્ય શ્રી અમિતગતિ યોગસાર-પ્રાભૃતમાં કહે છે કે—

જેઓ અજીવતત્ત્વને કે જે જીવતત્ત્વથી વિધિ દ્વારા વિભક્ત છે તેને યથાર્થરૂપે જાણતા નથી તેઓ ચારિત્રવાન હોવા છતાં—ચારિત્રનું અનુષ્ઠાન કરવા છતાં—પણ તે વિવિક્ત—શુદ્ધ અને નિર્મળ—આત્માને પ્રાપ્ત થતા નથી કે જે દોષોથી રહિત છે.

*(અજીવ અધિકાર, ગાથા-૫૦)*

❋ પહેલાં જો સમ્યગ્જ્ઞાન ન હોય અને પાપક્રિયાનો ત્યાગ કરી ચારિત્રભાર ધારણ કરે તો તે ચારિત્ર સમ્યક્ નામ પામતું નથી. જેમ જાણ્યા વિના ઔષધિનું સેવન કરે તો મરણ જ થાય, તેમ **સમ્યક્ જ્ઞાન વિના ચારિત્રનું સેવન સંસાર વધારે છે.**

*(–પં.ટોડરમલજી, શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા–૩૮નો ભાવાર્થ)*

❋ ....મુમુક્ષુ જીવને બાહ્ય છ આવશ્યકક્રિયાઓથી શું ઊપજ્યું? અનુપાદેય (-હેય; નાપસંદ કરવા જેવું; નહીં વખાણવા જેવું) ફળ ઊપજ્યું એવો અર્થ છે.

*(–શ્રી નિયમસાર ગાથા–૧૪૭માંથી)*

❋ સમ્યક્ત્વરહિત વ્યવહાર-ધર્માચરણ ઘોડેકી લીંદ (લાદ) સમાન ઉપરસે ભલા ચિકનાઈ દિખાઈ દેને પર ભી વહ દુર્ગંધયુક્ત હોતા હૈ તથા અંદરસે વહ ભલા ચિકના

કાંતિયુક્ત નહીં હોતા, **અતઃ ઉસે ભગવતી આરાધનામેં સંસારકા કારણ કહા હૈ.**

❋ જેમણે દર્શનમોહનો નાશ કર્યો છે, સમ્યગ્જ્ઞાન વડે જેમણે તત્ત્વાર્થ જાણ્યા છે, જે સદાકાળ અકંપ અર્થાત્ દૃઢચિત્તવાળા છે એવા પુરુષો દ્વારા સમ્યક્ચારિત્ર અવલંબન કરવાયોગ્ય છે. *(–શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગાથા–૩૭)*

❋ સમ્યક્ત્વના માહાત્મ્યથી જ્ઞાન, તપશ્ચરણ, વ્રત, ઉપશમ, ધ્યાન વગેરે (પૂર્વે) મિથ્યારૂપ હોય તે પણ સમ્યક્ થઈ જાય છે અને **તેના (–સમ્યક્ત્વના) વિના એ બધાં ઝેર સહિતના દૂધની જેમ વૃથા છે એમ જાણવું.**

❋ મંદકષાયરૂપ ઉપશમભાવ, શાસ્ત્રાભ્યાસરૂપ જ્ઞાન, પાપના ત્યાગરૂપ ચારિત્ર અને અનશનાદિરૂપ તપ–તેનું જે મહત્ત્વ છે તે સમ્યક્ત્વ સહિતપણાને લઈને છે. **સમ્યક્ત્વ વિના એ બધું પથ્થરની માફક ભારરૂપ** છે. એ જ ઉપશમ આદિ ભાવો સમ્યક્ત્વ સહિત હોય તો મહામણિ સમાન પૂજનીક થઈ પડે.

❋ જબતક જીવકો એક પરમ શુદ્ધ પવિત્ર ભાવકા જ્ઞાન નહીં હોતા, **તબતક વ્રત, તપ, સંયમ ઔર શીલ યે સબ કુછ ભી કાર્યકારી નહીં હોતે.**

❋ આગમકે પદોંકા ઓરકા ઓર અર્થ કરકે જિન-આગમકે કથનકો છિપાના ચોરી જાનો તથા આત્મસ્વભાવમેં રમણ ન કરકે **આત્મજ્ઞાન રહિત અનેક વ્રતોંકો પાલના ભી ચોરી હૈ.**

❋ જિસને **આત્મજ્ઞાનમઈ શ્રુતજ્ઞાનકે બિના અનેક પ્રકાર વ્રત, તપ, ક્રિયા કી વહ કેવલ માત્ર કષ્ટોંકો હી સહતા હૈ,** ઉશકા રંજાયમાનપના મિથ્યા ઈન્દ્રિયોંકે વિષયોંમેં હૈ.

❋ જોકે ઔષધિ ગુણકારી હોય છે તોપણ જો તે વિષ-મિશ્રિત થઈ ગઈ હોય તો તે દોષિત થઈ જવાથી તેના સેવનથી મનુષ્યને નુકશાન થાય છે. તેવી જ રીતે અહિંસાદિ ગુણ જ્યારે **મિથ્યાત્વ સહિત હોય છે ત્યારે તે ગુણ હોવા છતાં સંસારમાં લાંબા કાળ સુધી પરિભ્રમણ કરાવવાવાળા દોષોને ધારણ કરે છે.**

❋ વ્યવહારનો રુચિમાં લોપ કર્યા વિના સમ્યક્ નહીં પ્રગટે. (–પૂજ્ય ગુરુદેવશ્રી)

❋ સમજવા પહેલાં ત્યાગ કરવા માંડે છે તે મિથ્યાત્વની પુષ્ટિ કરે છે.

(–પૂજ્ય ગુરુદેવશ્રી)

### વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

## વીર્ય શક્તિ

(ફેબ્રુઆરીથી ચાલુ)

(स्वरूपनिर्वर्तनसामर्थ्यरूपा वीर्यशक्तिः।)

આત્મા જ્ઞાન-આનંદ વગેરે અનંત રત્નોથી ભરેલો મહાસાગર છે. મહાસાગર કહો કે રત્નાકર કહો. જેમ સાગરના પેટાળમં રત્નો પડ્યાં હોય છે તેથી તેને 'રત્નાકર' કહેવાય તેમ આત્મા અનંતગુણરૂપી રત્નોનો રત્નાકર છે. શરીર-મન-વાણી કે કર્મ તો જડ, પુણ્ય-પાપ તે વિકાર, તે વિનાનું આખું ચૈતન્યદળ તે ચૈતન્યરત્નાકર છે, તેમાં અનંતશક્તિરૂપ અનંત રત્નો ભર્યાં છે. એકેક રત્નનો અનંત અચિંત્ય મહિમા છે. આવા આત્મવૈભવની સંતોએ પ્રસિદ્ધ કરી છે.

★ જગતમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ રત્નો શ્રેષ્ઠ છે.

★ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું ફળ કેવળજ્ઞાન છે.

★ એવા અનંતા કેવળજ્ઞાન પ્રગટવાની તાકાત એક જ્ઞાનગુણરૂપી રત્નમાં ભરેલી છે.

★ એવા અનંત ગુણરત્નોનો સાગર આત્મા તો ચૈતન્ય મહારત્નાકર છે. સ્વાનુભૂતિમાં તે પ્રગટે છે તેનું આ વર્ણન છે. રાગમાં કાંઈ એવી ખાણ નથી કે એક્કેય રત્નને (સમ્યક્ત્વાદિને) પ્રગટ કર.

અહીં વીર્યશક્તિનું વર્ણન છે. વીર્યશક્તિના કાર્યમાં રાગના કર્તાપણાનો અભાવ છે ને જ્ઞાનાદિની નિર્મળપરિણતિને કરવાનો સદ્ભાવ છે. આત્મા સ્વવીર્યથી સ્વપર્યાયને (નિર્મલ પરિણામને) નિષ્પન્ન કરે છે, રચે છે, પણ તેમાં રાગની રચના નથી. જેમ ક્રમબદ્ધ-પર્યાયના નિર્ણયમાં જ્ઞાનની સન્મુખતાથી રાગનું અકર્તાપણું છે, તેમ વીર્યશક્તિના કાર્યમાં પણ રાગાદિનું અકર્તાપણું છે. જ્ઞાનરૂપ થઈને ક્રમબદ્ધપર્યાયનો કે વીર્યશક્તિનો નિર્ણય કરનારને પર્યાયમાં રાગાદિના અકર્તાપણાનું વીર્ય સ્ફૂરે છે ને જ્ઞાનભાવ જાગે છે. તે જ્ઞાનભાવમાં અનંતી આત્મશક્તિનો રસ નિર્મળપણે ઊછળે છે.—આનું નામ 'આત્મપ્રસિદ્ધિ.'

આ સમયસારમાં આત્માનું અલૌકિક સ્વરૂપ સમજાવીને સમ્યગ્દર્શન કેમ થાય, એટલે કે આત્માનો પ્રગટ અનુભવ કેમ થાય તેની વાત કરી છે. ૪૭ શક્તિના વર્ણનથી જેવો આત્મા બતાવ્યો તેને ઓળખતાં નવે તત્ત્વોનું જ્ઞાન થઈ જાય છે, સંવર પ્રગટે છે ને આસ્રવનો અભાવ થાય છે. એકેક શક્તિમાં તો ઘણી ગંભીરતા ભરી છે પણ વાણીથી કેટલો કેટલો વિસ્તાર થાય? અંદર ચૈતન્યને પકડે ત્યારે પાર પમાય.

આત્માનું વીર્યબળ એવું નથી કે રાગને રચે; ત્યાં પરને રચવાની શી વાત! ભાઈ, જો તું રાગની રચનાવાળો જ આત્મા અનુભવતો હો તો તને તારી વીર્યશક્તિની ખબર નથી. તારી વીર્યશક્તિવાળો આત્મા અનંત ગુણ અને નિર્મળ પર્યાય સહિત અનુભવમાં આવે તે તારું જ્ઞાન સાચું ને તો તેં તારી વીર્યશક્તિને ઓળખી.

અનંતગુણનો પુંજ આત્મા પોતે; તારી આ વાત છે. તારામાં જે અમાપ શક્તિ પડી છે તે કેમ ખીલે, તે બતાવે છે. આનંદથી ભરેલા ચૈતન્યદરિયાને જે ભૂલ્યો તે રાગદ્વેષને કરે છે; સમ્યગ્દર્શન થતાં ચૈતન્યદ્રવ્યને ધ્યેયમાં લીધું, આનંદના દરિયામાં ડુબકી મારી, ત્યાં રાગદ્વેષનું કર્તૃત્વ રહેતું નથી. સ્વરૂપની નિર્મળ રચના કરે તે સ્વવીર્યનું કામ છે; એને જ સાચું આત્મબળ કહેવાય. વિકારને રચે તે આત્મબળ નહિ. વીર્યશક્તિમાં એવો વીરરસ છે કે પામરતાને તોડીને પરમાત્મપણાની રચના કરે, અશુદ્ધતાને તોડીને શુદ્ધતાપણે પ્રગટ થાય, અલ્પજ્ઞતાને દૂર કરીને સર્વજ્ઞતા ખીલવે, દુઃખને દૂર કરીને પરમ આનંદને પમાડે.—આ રીતે આત્મા પોતાની વીરતા વડે અનંત શક્તિના નિર્મળ કાર્યને કરે છે.

જ્ઞાનમાં જાણવાનું વીર્ય (તાકાત, આત્મબળ) છે, તેમ વીર્યમાં સ્વરૂપને રચવાની વીરતારૂપ વીર્ય છે. તે વીર્ય આત્માને સ્વઘરમાં સ્થિર રાખે છે–સ્વરૂપમાં ટકાવી રાખે છે તેથી તેને 'ગૃહ–સ્થ' (ગૃહ એટલે સ્વઘર તેમાં સ્થિત) કહ્યું છે. રાગમાં જાય તે વીર્યને સ્વઘરનું ન કહેવાય. વીર્યશક્તિ બ્રહ્મસ્વરૂપ આત્માના આનંદમાં ચરે છે (સ્વરૂપમાં મગ્ન રહે છે) તેથી તે 'બ્રહ્મ–ચારી' છે. આમ એકેક શક્તિમાં અનંત શક્તિનો રસ ભર્યો છે. એ રીતે પરસ્પર કથંચિત્ મળેલા અનંતશક્તિના રસથી એકરૂપ આત્માને ધર્મી અનુભવે છે. અનંતશક્તિથી એકરસ ચૈતન્યભાવપણે આત્મા પરિણમતો હોવાથી તે અનેકાન્તસ્વરૂપ છે.

રાગાદિ પરભાવપણે પરિણમવું તે તો કાયરતા છે. વીરતા તો તેમાં છે કે પોતાના શુદ્ધસ્વરૂપને ટકાવી રાખવું ને તેમાં પરભાવના અંશને પણ પ્રવેશવા ન દેવો. આત્માની

શક્તિમાં તો એવી વીરતા છે કે વિભાવને તોડીને વીતરાગતાને ને કેવળજ્ઞાનને રચે. રાગને રચે એવી કાયરતા આત્માની શક્તિમાં નથી, તે આત્મશક્તિનું કાર્ય નથી. વિકારના કર્તૃત્વમાં રોકાય એ તો બાલવીર્ય છે, અજ્ઞાનવીર્ય છે, આત્માના સ્વભાવનું પંડિતવીર્ય તે નથી. આત્મા તો વીર થઈને સ્વવીર્યથી પોતાના નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપે એવી તેની વીરતા છે. અરે જીવ! તારી વીરતાને પણ તે જાણી નહિ ને વીર્યહીન થઈને કાયરપણે સંસારમાં ભટકી રહ્યો છે!—એ ભટકવું તને નથી શોભતું, ભાઈ! તારામાં તો કેવળજ્ઞાન લેવાની વીરતા ભરી છે ને! સ્વસન્મુખ થઈને તારી શક્તિના એક ટંકારે કેવળજ્ઞાન લે એવી તારી તાકાત છે. રાગમાં રોકાવું તે વીરતા નથી. આત્માના સ્વરૂપનું વીર્ય તો સ્વરૂપની નિર્મળતાને રચનારું છે.

અરે! સંતોએ આત્માની વીરતાની કેવી અદ્‌ભુત વાત સમજાવી છે! આ સમજતાં આત્માને વીરતા ચડી જાય એવી વાત છે. અરે! તું ત્રણલોકનો નાથ થઈને આવા અશુદ્ધ ભાવોમાં રાચી રહ્યો છે, તને શરમ નથી આવતી? અમૃતનો સાગર તું છો. તારામાંથી તો અતીન્દ્રિય-અમૃતના પ્રવાહ વહે, તારા આત્મામાં શાંત—અકષાય અમૃતરસના સાગર ઉલ્લસે એવું તારું સ્વરૂપ છે. કષાય પ્રગટે એવું તારામાં છે જ નહિ. તું તો જગતનો ઈશ્વર, જગતમાં સૌથી મહાન શક્તિનો સ્વામી છો. અરે! જેમાંથી કેવળજ્ઞાન પ્રગટે એવી ચૈતન્યરિદ્ધિનો સ્વામી તું, તારી રિદ્ધિ પાસે જગતની બીજી કોઈ રિદ્ધિ-સિદ્ધિની કાંઈ ગણતરી નથી, તું જ તારી ચૈતન્યરિદ્ધિનો ધારક ઋષિ છો; અને તું જ સાધક થઈને નિજસ્વરૂપને સાધનારો સાધુ છો; નિજસ્વરૂપનું મનન કરનારો-જાણનારો મુનિ પણ તું જ છો અને શુદ્ધોપયોગરૂપ યત્નો વડે વિકારી પરભાવોમાંથી આત્માની રક્ષા કરનારો યતિ પણ તું જ છો. આ રીતે ઋષિપણું, સાધુપણું, મુનિપણું, યતિપણું–એ બધા ભાવો તારી એકેક શક્તિમાં ભર્યા છે. તારી શક્તિના સામર્થ્યનો પાર નથી. અનંત સામર્થ્યથી ભરેલા અનંત ગુણોથી તું ભરપૂર છો. અહો, આત્માનો વૈભવ અદ્‌ભુત છે, આનંદકારી છે. અહો! અદ્‌ભુત જેનું સામર્થ્ય ને અદ્‌ભુત જેનો મહિમા—એવો મારો સ્વભાવ છે,—આમ આત્મસ્વભાવનો મહિમા લાવીને જ્ઞાની તેની શ્રદ્ધા અને અનુભવ કરે છે.

કળશ ૨૭૩–૨૭૪ મા કહે છે કે–અહો! આત્માનો આ સહજ વૈભવ અદ્‌ભુત છે; અજ્ઞાનીના જ્ઞાનમાં તે આશ્ચર્ય ઉપજાવે છે કે આ તો અસંભવિત જેવી વાત છે! જ્ઞાનીને જોકે વસ્તુસ્વભાવમાં આશ્ચર્ય નથી પણ આત્માના અદ્‌ભુત વૈભવને જાણતા,

પૂર્વે કદી ન થયેલો એવો અદ્‌ભુત પરમ આનંદ થાય છે અને તેથી તે આનંદનું આશ્ચર્ય થાય છે. 'અહો! આ જિનવચનો મહા ઉપકારી છે, વસ્તુના યથાર્થ સ્વરૂપને જણાવનારા છે; મેં અનાદિકાળ આવા યથાર્થ સ્વરૂપના જ્ઞાન વિના ખોયો!'–આમ મહિમા લાવીને જ્ઞાની શ્રદ્ધા કરે છે. જ્યાં ભાન થયું ત્યારે ખબર પડી કે અહા! મારા આત્માનો અદ્‌ભુતથી પણ અદ્‌ભુત સ્વભાવ–મહિમા જયવંત વર્તે છે; ચૈતન્યનો ચમત્કાર જયવંત વર્તે છે. અનેકાન્તસ્વરૂપ આત્મગુણનો વૈભવ અચંબો ઉપજાવે છે. जीवद्रव्यके स्वरूपकी बडाई सबसे उत्कृष्ट है।

ભાઈ! આ જે કાંઈ અદ્‌ભુત વૈભવ કહેવાય છે તે બધુંય તારામાં ભર્યું છે. અહો! આત્મસ્વભાવના સામર્થ્યની શી વાત?–જે અનુભવગમ્ય થાય, વિકલ્પમાં ન આવે. અજ્ઞાનીને આવો નિજમહિમા લક્ષમાં નથી આવતો. બહારના જડપદાર્થોની તાકાતનો (અણુબોમ્બ કે રોકેટ વગેરેનો) મહિમા અજ્ઞાનીને દેખાય છે, પણ એ બધાયને જાણનારો પોતે અચિંત્ય જ્ઞાનતાકાતથી ભરેલો છે—તેનો મહિમા દેખાતો નથી. રોકેટ એક કલાકમાં હજારો કે લાખો માઈલ ગતિ કરે તેનો મહિમા લાગે છે, પણ ભાઈ! પરમાણુમાં એવો ગતિસ્વભાવ છે કે એક સમયમાં ૧૪ રાજુ (અસંખ્યાતા માઈલ) ગતિ કરે; અને તારા જ્ઞાનમાં એવો અચિંત્યસ્વભાવ છે કે એક સેકંડમાં અનંતાનંત યોજનને (લોકાલોકને) જાણી લ્યે. તો હવે કોની તાકાત વધારે? અહો! આત્માના આવા સ્વભાવને બતાવનારી જિનવાણી મહા ઉપકારી છે. *(ક્રમશઃ)*

---

(અનુસંધાન પેજ ૧૮ થી ચાલુ)

આ મંગળ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૧૦,૩૦,૩૯૮=૦૦ની ઉપજ થઈ હતી.

| | |
|---|---|
| ૧. ૧૨૨ના અંકમાં ૧૨૨ × ૧૪૪૩ | ૧,૭૬,૦૪૬=૦૦ |
| ૨ પ્રાસંગિક વિધાનપૂજા ૧૦૦૧ × ૨ | ૨,૦૦૨=૦૦ |
| ૩. રથયાત્રામાં બોલી | ૪,૯૪,૦૦૯=૦૦ |
| ૪. રૂા. ૧૦૦૦ની વધાઈ ૧૦૦૦ × ૮ | ૮,૦૦૦=૦૦ |
| ૫. રૂા. ૫૦૦ની વધાઈ ૫૦૦ × ૪૩૭ | ૨,૧૮,૫૦૦=૦૦ |
| ૬. જિનેન્દ્ર-આરતીમાં | ૮,૨૭૧=૦૦ |
| ૭. રથયાત્રા, પારણાઝુલન તથા જન્મવધાઈ સ્ટેજ પર | ૧,૨૩,૫૭૦=૦૦ |
| કુલ રૂા. | ૧૦,૩૦,૩૯૮=૦૦ |

તદ્‌ઉપરાંત મહોત્સવનો બધો ખર્ચ આયોજક શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ તરફથી આપવામાં આવ્યો હતો.

❑ ❋ ❑

શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળના સૌજન્યથી

*અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિવિધ અદ્‌ભુતતાયુક્ત અત્યાનંદોલ્લાસથી ઉજવાયેલ*

# પૂજ્ય ગુરુદેવશ્રીનો મંગળકારી ૧૨૨મો જન્મમહોત્સવ

## પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત વિશુદ્ધ અધ્યાત્મધારાના સાતિશય પ્રભાવક અધ્યાત્મયુગસ્રષ્ટા ધર્મપુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૨૨મો ભક્તવૃંદઆનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ–અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૧-૫-૨૦૧૧ થી તા. ૫-૫-૨૦૧૧ સુધી પંચાહ્નિક, ગુરુ-મહિમાદ્યોતક વિભિન્ન રોચક કાર્યક્રમ સહ અતિ ભવ્ય સમારોહપૂર્વક પ્રચુર આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ મંગલ મહોત્સવના આયોજક શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળના સર્વે સદસ્યોને આ ગુરુ–જન્મોત્સવને અતિશય આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનો અતિઉત્સાહ હતો.

## ગુરુ-ભક્તિની પ્રેરણાદાત્રી

સ્વાનુભૂતિવિભૂષિત વીતરાગમાર્ગના દાતા, પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઉપકૃત-ભાવભીના ભક્ત્યુલ્લાસના આ મંગલ અવસર પર, કહાનગુરુ–ઉપકારમહિમા બતાવનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઉપકૃતભાવભીની પવિત્ર સ્મૃતિ સર્વે મુમુક્ષુઓને પોતાના સ્મૃતિપટ પર બરાબર ઉપસી આવતી હતી. જાણે સુવર્ણપુરીના અંતરીક્ષમાં તેઓની પરોક્ષ મંગલ ઉપસ્થિતિ જ મુમુક્ષુ ભક્તોને ગુરુભક્તિની સાતિશય ઉલ્લાસભરી પ્રેરણા આપતી હતી. ઉપરોક્ત પરિવાર દ્વારા આયોજિત આ પવિત્ર જન્મજયંતી–સમારોહમાં સર્વે મુમુક્ષુસમાજે તે કલ્યાણી મૂર્તિની ભક્તિપ્રેરણા ઝીલીને આ ૧૨૨મો ગુરુ–જન્મોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યો.

## ધર્મપ્રભાવનાપૂર્ણ આયોજન

ગુરુ–જન્મોત્સવની આ પવિત્ર વેળાએ ભારતના વિવિધ પ્રાંતોમાંથી લગભગ ૩૫૦૦ થી અધિક ગુરુભક્તો આવ્યા હતા. જેઓ અહીંના આત્મહિતપોષક કાર્યક્રમોથી ખૂબ જ પ્રસન્ન દેખાતા હતા. પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતા પ્રતિ સમર્પિત શ્રદ્ધાજીવનયુક્ત મુમુક્ષુઓ દ્વારા, આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ-પરમાગમ-સફળ-ગદ્યપદ્યાનુવાદક, ગુરુભક્ત પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહની ગુરુભક્તિભીની ઉલ્લાસવર્ધિની કલ્યાણી પંચ-પરમાગમ–ગુર્જરઅનુવાદરૂપ–ઉપકારછાયામાં ઉજવાયેલ આ ગુરુ–જન્મોત્સવ વસ્તુતઃ સર્વેને ધર્મપ્રભાવના વૃદ્ધિકારી તથા આનંદદાયી અનુભૂત થયો.

## વિશાળ પૂજન મંડપમાં શ્રી સુવર્ણપુરી તીર્થ પૂજન વિધાનનું ભવ્ય આયોજન

સ્વાધ્યાયમંદિરની આગળના ભાગમાં આયોજક શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા તૈયાર કરાવાયેલ વિશાળ ભવ્ય પૂજન મંડપમાં શ્રી સુવર્ણપુરીમાં વર્તમાનમાં સ્થિત તથા ભવિષ્યમાં નિર્માણ

થનાર આયતનોની સુંદર પ્રતિકૃતિઓ તથા જિનેન્દ્ર ભગવંતોને બિરાજમાન કરી અત્યંત ભવ્ય મંડલ તૈયાર કરવામાં આવ્યું હતું. તેમાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ નૂતન "શ્રી સુવર્ણપુરી તીર્થ પૂજન વિધાન"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ વિધાન મુમુક્ષુઓને અત્યંત ભક્તિપ્રધાન તથા સુવર્ણપુરી તીર્થના ભવ્ય ઈતિહાસને તાદૃશ્ય કરતું પ્રતીત થયું હતું. સર્વે મુમુક્ષુજનોએ આ પૂજન વિધાનનો અત્યંત ભક્તિ ઉલ્લાસથી લાભ લીધો હતો.

## ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ગુરુભક્તિ–પદોથી અંકિત ભવ્ય 'બેનર' તથા વિવિધ ભવ્ય શોભાસાજથી વિભૂષિત મનોહર મંડપમાં ક્રમશઃ સવારે પૂજ્ય બહેનશ્રીની દેવગુરુભક્તિ તથા સ્વાનુભવ-રસભીની વિડિયો-ધર્મચર્ચા, પૂજન મંડપમાં શ્રી સુવર્ણપુરી તીર્થ પૂજન વિધાન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં શ્રી પુરુષાર્થસિદ્ધિ-ઉપાય પર અધ્યાત્મ–રસપૂર્ણ સીડીપ્રવચન, પ્રાસંગિક–ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ; બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, પરમાગમ મંદિર તથા પૂજન મંડપમાં જિનેન્દ્રભક્તિ, શિક્ષણવર્ગ, સાંજે વિવિધ સાંજી તથા રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનાં 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ.–આ પ્રક્રમ બરાબર નિયમિત સુચારુરૂપે ચાલતો હતો. આ મહોત્સવમાં વિધાન પૂજા, પ્રવચન તથા ભક્તિના પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઉપસ્થિતિથી જગ્યા પૂરી ભરાઈ જતી હતી.

## ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર–પારણાઝૂલન

વાર્ષિક ગુરુ–જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૪-૫-૨૦૧૧ના દિવસે સાંજે 'ધાતકી–વિદેહના ભાવિ–તીર્થંકરદેવ'ના સમવસરણ–વિહારરૂપ ભવ્ય રથોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. નવનિર્મિત ભવ્ય રથની ગંધકૂટી પર બિરાજમાન ભાવિ–ભગવાનનો સમવસરણવિહાર સર્વે ભક્તોને અતિ આનંદપ્રદ અનુભૂત થતો હતો. રથમાં જિનેન્દ્ર ભગવાનને બિરાજમાન કરવાનો લાભ શાંતિલાલ છગનલાલ ગાંધી તથા ભગવાનના રથના સારથી બનવાનો લાભ છગનલાલ કાળીદાસ વાઘર પરિવારને પ્રાપ્ત થયો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક ભવ્ય સાજ તથા વાજા સાથે 'કહાનકુંવરના પારણાઝુલન' નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત્ત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો. (પારણા-ઝૂલનની બોલીનું સૌભાગ્ય ધીરજબેન બાબુલાલ શાહ હસ્તે મંજુલાબેન તથા ભારતીબેન પરિવારને સંપ્રાપ્ત થયું હતું.) આ મંગલ રથોત્સવની ભવ્યતા જોઈને ઇતર ગ્રામજનતા પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. બ્રહ્મચારિણી બહેનોએ મહિલા વિભાગમાં તથા ભજનમંડળીએ પુરુષ વિભાગમાં મધુરા સંગીત દ્વારા રથોત્સવનું વાતાવરણ ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

ઉત્સવના ચારે દિવસ શ્રી ઘાટકોપર મુમુક્ષુમંડળના યુવકો, યુવતીઓ તથા બાળકો દ્વારા બાહુબલી ભગવાન તથા પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન ઉપર તૈયાર કરવામાં આવેલ નાટિકાઓ તેમજ વિવિધ ભક્તિ નૃત્યો સહિત રજૂ કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમોથી સમગ્ર મુમુક્ષુસમાજ અત્યંત ભાવવિભોર થઈ ગયો હતો. તથા શ્રી ઘાટકોપર મુમુક્ષુમંડળના વિવિધ સભ્યો દ્વારા ચારે દિવસ ભવ્ય અને ભક્તિસભર સાંજી ભક્તિના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજ
## સભામંડપની શોભા તથા બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે, મનોહર દ્રશ્યોથી વિભૂષિત સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશાળ ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) સમક્ષ ક્રમશઃ પ્રાતઃદર્શન, સદ્‌ગુરુદેવસ્તુતિ તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ પ્રણિપાત-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનું વિડિયો-'માંગલિક', બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પ્રાસંગિક ભક્તિ તથા વંદના, પૂજન-મંડપમાં શ્રી સુવર્ણપુરી તીર્થ પૂજન વિધાનનું સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન; તત્પશ્ચાત્ પૂજ્ય બહેનશ્રીએ કરેલી ગુરુજન્મવધાઈ તથા ગુરુભક્તિના વિડિયો દ્વારા દર્શન, તથા ગુરુ-જન્મવધાઈનો ભક્તિરસપૂર્ણ કાર્યક્રમ થયો હતો. વધાઈ વેળાએ આયોજકો દ્વારા સુંદર રીતે સ્ટેજ શણગારવામાં આવ્યું હતું. મુખ્ય દિવસે શ્રી બાહુબલી ભગવાનનું વિશાળ ચિત્રપટ પહાડ ઉપર મૂકવામાં આવ્યું હતું. શ્રી ઘાટકોપર મુમુક્ષુમંડળના યુવકો, યુવતીઓ અને બાળકો દ્વારા એક રોચક ભક્તિ-નૃત્ય દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્વાગત કર્યું હતું. ત્યારે સૌ મુમુક્ષુ ભાઈ-બહેનો પૂજ્ય ગુરુદેવશ્રી જાણે સાક્ષાત્ પધારતા હોય એવો ભાવ અનુભવતા હતા. તદ્‌ઉપરાંત શ્રી બાહુબલીના ભવ્ય ચિત્રપટ સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું ભગવાન બાહુબલીની મહિમા વ્યક્ત કરતું ચિત્રપટ મૂકવામાં આવ્યું હતું જે પૂજ્ય ગુરુદેવશ્રીની ગોમટેશ્વર બાહુબલીની મંગલ યાત્રાની સ્મૃતિ અપાવતું હતું.

પૂજ્ય ગુરુદેવશ્રીને પ્રથમ વધાવવાનો લાભ શ્રીમતી સંધ્યાબેન શૈલેષભાઈ લોડાયા પરિવારને પ્રાપ્ત થયો હતો. બપોરે શાસ્ત્રપ્રવચન, દેવગુરુભક્તિ; સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, વગેરે કાર્યક્રમ થયા હતા. ઉત્સવમાં મળેલ ગુરુદર્શન, ગુરુવાણી તથા બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચાથી સમાગત મહેમાનોને અત્યંત આનંદાનુભૂતિ થતી હતી.

આ મંગળ અવસર પર "પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી" ગુજરાતીની ઑડિયો વર્ઝન ડીવીડીમાં તૈયાર કરાવાયેલ નવીન સંસ્કરણ, જે શ્રી નવનીતભાઈ ટોળિયા, દાદરના સૌજન્યથી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે તૈયાર કરાવેલ તેનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ મંગલ અવસર પર સર્વશ્રી બ્ર. વજુભાઈ (વઢવાણ) ઉપસ્થિત હતા. બપોરના શાસ્ત્ર પ્રવચન શ્રી રાજુભાઈ કામદાર, (રાજકોટ ), શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ), શ્રી નિરંજનભાઈ (સુરત), શ્રી પ્રકાશભાઈ શેઠ (બોરીવલી), તથા ધાર્મિક શિક્ષણવર્ગમાં શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ) તથા શ્રી અતુલભાઈ કામદાર (હૈદરાબાદ)એ અધ્યાપનકાર્ય ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કર્યું હતું. તથા બહેનોમાં બ્ર. આશાબેને શિક્ષણ આપ્યું હતું.

**સ્થાયી મંડલ વિધાન પૂજા** : આ મંગળ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૧૩૦ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૨ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

પ્રસ્તુત કહાનગુરુ-જન્મોત્સવના પાંચે દિવસ સમાગત મહેમાનો માટે તથા સ્થાનીય મુમુક્ષુમંડળ માટે સવારે તથા સાંજે જમણ (–સ્વામીવાત્સલ્ય) જન્મોત્સવ-આયોજક શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળ તરફથી તથા સ્થાયી જમણ ૮ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

(જુઓ અનુસંધાન પેજ ૧૫ ઉપર)





**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ પ્રેરિત**

**શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવકમંડળ આયોજિત**

# વચનામૃત વર્ષ

**સૌજન્ય : શ્રીમતી લાભુબેન ચીમનલાલ મોદી પરિવાર હ. હિનાબેન-વિજયભાઈ તથા પારસ**

## પ્રશ્નપત્ર ક્રમાંક—૫ (કુલ માર્કસ-૫૦)

(અભ્યાસક્રમ : (૧) ગુરુદેવશ્રીના વચનામૃત ક્રમાંક ૧૦૦ થી ૧૨૪,
(૨) બહેનશ્રીના વચનામૃત ક્રમાંક ૧૪૫ થી ૧૮૪)

---

પરીક્ષાર્થીનું નામ : ........................................ ગામનું નામ : ......................

મંડળનું નામ : .............................................. ઉંમર : ......................

ફોન નં.: ............................................................ તા. -૦૫-૨૦૧૧

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
**(૨) પ્રશ્નોના ઉત્તર વચનામૃતના આધારે આપવા જરૂરી છે.**

---

**પ્રશ્ન : ૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (ગુરુદેવશ્રીનાં વચનામૃત) (૯)

(અ) (૧) જીવ ધર્મ કરવા ઈચ્છે છે તો શું કરે? કઈ રીતે કરે? (બોલ નં. ૧૦૧)

(૨) વિકારની પરંપરાનો પ્રવાહ કઈ રીતે તૂટે? (બોલ નં. ૧૨૧)

(૩) આત્મા પરને જાણે તે આસ્રવ-બંધનું કારણ કેમ નથી? કઈ રીતે? (બોલ નં. ૧૨૪)

**(બ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (બહેનશ્રીનાં વચનામૃત) **(૯)**

(૧) આત્માને પ્રાપ્ત કરવા નયજ્ઞાનની શું ઉપયોગિતા છે?
તો પછી નયપક્ષો શા માટે છૂટી જાય છે? (બોલ નં. ૧૮૦)

(૨) મહાન પુરુષની આજ્ઞા માનવી' આનાથી શું લાભ થશે? (બોલ નં. ૧૫૭)

(૩) 'એક મ્યાનમાં બે તલવારો ન સમાઈ શકે?' સ્પષ્ટ કરો. (બોલ નં. ૧૭૧)

**પ્રશ્ન : ૨ (અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર વચનામૃતના આધારે તમારા મૌલિક શબ્દોમાં લખો. (પાંચથી દસ લીટી)**
(ગુરુદેવશ્રીનાં વચનામૃત) **(૩)**

(૧) "મારા હિસાબે તો બીજી કોઈ વસ્તુ છે જ નહીં" આ કથનનો ભાવ સમજાવો. (બોલ નં. ૧૦૦)

(૨) "દૃષ્ટિના વિષયમાં અશુદ્ધતાની ઉત્પત્તિ છે જ નહીં" આ કથનનો ભાવ સમજાવો. (બોલ નં. ૧૦૯)

(૩) "અધ્યાત્મશાસ્ત્રના ભાવો ગુરુગમે એકવાર જ્ઞાની પાસે સાક્ષાત્ શ્રવણ કરવા જોઈએ" શા માટે (બોલ નં. ૧૧૮)

**(બ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર વચનામૃતના આધારે તમારા મૌલિક શબ્દોમાં લખો. (પાંચથી દસ લીટી)** (બહેનશ્રીનાં વચનામૃત)**(૩)**

(૧) "આત્માના જ્ઞાનમાં બધું સમાઈ જાય છે." અહીં આત્મા અને જ્ઞાનનો અર્થ શું? (બોલ નં. ૧૪૭)

(૨) "રાગનું જીવન' હોય તેને આત્મામાં જવાનું બની શકે નહીં"
અહીં 'રાગનું જીવન'નો ભાવ શું છે? (બોલ નં. ૧૪૫)

(૩) ગુરુ વચનોથી જાણી શકાય એવું શું છે? તે કેવો છે? (બોલ નં. ૧૬૭)

**પ્રશ્ન : ૩ (અ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૬)**

(૧) પરના માટે કેવા થઈ જવાનો ઉપદેશ છે? શા માટે?
(૨) ભગવાનની પ્રતિમા કેવો ઉપદેશ આપી રહી છે?
(૩) આ મનુષ્યપણામાં શું કરવું? જીવનની ધન્ય ક્ષણ શું છે?
(૪) અનાદિની વિકારધારાની પરંપરા કઈ રીતે તૂટશે?
(૫) આત્મા સ્વયં શુભાશુભ રાગનો કર્તા કેમ થાય છે? તે જ્ઞાનભાવથી કોનો કર્તા છે?
(૬) જેણે પર્યાયદૃષ્ટિ હટાવી અને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરી તે બીજા જીવોને કેવા જુએ છે?

**(બ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૬)**

(૧) (નિશ્ચયથી) પ્રાયશ્ચિત્ત શું છે?
(૨) કોણ તરી ગયું?
(૩) કેવા જીવને પરિષહમાં આત્મા જ વિશેષ લાગે છે?
(૪) કોની સમીપતા રાખીને અંદર જવાનું શીખે?
(૫) કોને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાંતિ રહે છે?
(૬) કમળ કાદવ અને પાણીથી ભિન્ન જ રહે છે : આ પ્રમાણે આત્મા શાનાથી સદા ભિન્ન રહે છે?

**પ્રશ્ન : ૪ (અ) નીચેના દરેક પ્રશ્નના માત્ર એક શબ્દમાં ઉત્તર આપો. (૬)**

૧. 'આટલાં પુણ્ય કરું, શુભરાગ કર, તો ધીરે ધીરે સમ્યકદર્શન થશે' આ માન્યતા કેવી છે?
૨. 'જેવા પરમાત્મા પૂર્ણ પવિત્ર છે એવો તું પણ છે' આવું કોણે કહ્યું છે?
૩. કોનું પ્રવચન નિર્દોષ હોય છે?
૪. 'હું રાગી છું, હું રાગી નથી' આ સર્વે વિકલ્પોથી અતિક્રાન્ત થશે તો શું પ્રગટ થશે?
૫. 'જે રીતે મૃગજળામાંથી ક્યારેય જળ મળતું નથી' આ પ્રમાણે સુખ ક્યાંથી મળતું નથી?
૬. આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે તેમાં ક્યા ભાવો નથી?

**(બ) દરેક પ્રશ્નના ઉત્તર માત્ર એક વાક્યમાં આપો. (૪)**

(૧) શ્રી અરિહંતદેવ અને તેમના શાસ્ત્રો શું કહે છે?
(૨) જૈનધર્મની મહત્તા અને શ્રેષ્ઠતા શું છે?
(૩) જ્યાં સુધી સાધકને શુભ વિકલ્પ પણ વિદ્યમાન હશે તો તેને શું પ્રગટ નહીં થાય?
(૪) ચૈતન્યમાં અંદર જવાનો ઉપદેશ શા માટે આપ્યો છે?

**(ક) ખાલી જગ્યા પૂરો. (૪)**

(૧) સંત મુનિવર પણ....................ભાવીને વસ્તુસ્વરૂપ ચિંતવે છે.
(૨) વ્યવહાર કરતા કરતા નિશ્ચય પ્રગટે એ બધો .................... નથી.
(૩) પહેલાં..................સાચું હોતું નથી. પહેલાં ..................સાચું હોય છે.
(૪) મુનિવર......................માં વારંવાર..................................પ્રવેશી વિશ્રામ પામે છે.

# સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી ૮-૨૦ | : | જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | શ્રી સમયસાર કળશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી સમાધિતંત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

* **પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ :** ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની એકવીસમી સાંવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ), તા. ૧૬-૫-૨૦૧૧ સોમવારથી તા. ૨૦-૫-૨૦૧૧ શુક્રવાર (વૈશાખ વદ ૩) સુધી —પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાનપૂજા તથા તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવશે.

* **સમવસરણ મંદિરનો ૭૦મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ :**–વૈશાખ વદ ૬, સોમવાર, તા. ૨૩-૫-૨૦૧૧ના રોજ સોનગઢના સમવસરણ મંદિરનો ૭૦મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સાથે મનાવવામાં આવશે.

* **સ્વાધ્યાય-મંદિરના ઉદ્‌ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૪મો વાર્ષિક દિવસ :**–તા. ૨૫-૫-૨૦૧૧, વૈશાખ વદ ૮, બુધવારના દિવસે સોનગઢના સ્વાધ્યાય-મંદિરના ઉદ્‌ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૪મો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

* **શ્રુતપંચમી પર્વ :**–જેઠ સુદ ૫ તા. ૬-૬-૨૦૧૧ સોમવારના દિવસે શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્‌ખંડાગમ જિનવાણીની પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક મનાવવામાં આવશે.

* **આદ્રા નક્ષત્ર :**–તા. ૧૨-૬-૨૦૧૧, બુધવારના રોજ બપોરે ૪-૦૭ વાગ્યે પ્રારંભ થાય છે.

## વૈરાગ્ય સમાચાર :

સોનગઢનિવાસી (હાલ-અમદાવાદ) રીટાયર્ડ જજ શ્રી કનુભાઈ હીરાચંદ દામાણી (જ્યાં પૂજ્ય ગુરદેવશ્રીએ 'પરિવર્તન' કરેલ તે સ્ટાર ઑફ ઈન્ડિયાવાળા સ્વ. હીરાચંદભાઈના પુત્ર, (વર્ષ—૯૦) તા. ૨૪-૧૦-૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ નાની ઉંમરથી પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો. છેલ્લે ઘણા વર્ષોથી સોનગઢ સ્થાયી રહીને તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા. જૈન-જૈનેત્તર સમાજમાં તેઓ ઘણા પ્રતિષ્ઠિત હતા.

દિલ્હીનિવાસી (હાલ—આત્મસાધનાકેન્દ્ર, દિલ્હી) શ્રી કાંતાદેવી હેમચંદજી જૈન (વર્ષ—૮૧) તા. ૨૨-૧૧-૧૦ના રોજ ઓચિંતા હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ બહુ નાની ઉંમરથી તેમના માતુશ્રી સજ્જીદેવી જૈનની સાથે સોનગઢ આવીને લાભ લેતા હતા. તેઓ સોનગઢ નિયમિત રીતે આવીને ઘણો સમય રોકાઈને લાભ લેતા રહેતા. તેમનું જીવન સ્વાધ્યાયમય હતું.

વઢવાણનિવાસી (હાલ-ઘાટકોપર) સ્વર્ગસ્થ લાલચંદ દોશીના ધર્મપત્ની શ્રી ઈન્દુબેન (વર્ષ : ૭૮) તા. ૨૧-૧૧-૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પરિવાર સહિત સોનગઢ વારંવાર આવીને તત્ત્વનો ઘણો લાભ લેતા હતા. તેમને તત્ત્વની ઘણી રુચિ હતી.

સોનગઢનિવાસી શ્રી ચંદ્રકાંતભાઈ ઉજમશી મહેતા (વર્ષ—૮૬) તા. ૩૦-૧૧-૧૦ના રોજ સોનગઢ ઘણો સમય રોકાયા બાદ અમદાવાદ વહેલી સવારે ગાડીમાં (કારમાં) જઈ રહ્યા હતા ત્યાં પરોઢીયે રસ્તામાં એક્સીડન્ટ થતાં સ્થળ ઉપર જ સ્વર્ગવાસ પામ્યા હતા. તેઓને તત્ત્વની ઘણી જ રુચિ હતી. કેટલાક વર્ષો પહેલાં અમેરિકામાં રહેતા તેમના યુવાન પુત્ર-પુત્રવધુનો પણ કાર-એક્સીડન્ટમાં સ્વર્ગવાસ થયો હતો.

અમદાવાદનિવાસી શ્રી મંજુલાબેન પી. સંઘવી (વર્ષ—૮૩) સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તેમના ભાઈ શ્રી ચંદ્રકાંતભાઈ સાથે સોનગઢનો ઘણો લાભ લઈને તા. ૩૦-૧૧-૧૦ના રોજ તેમના ભાઈશ્રી ચંદ્રકાંતભાઈ સાથે અમદાવાદ જઈ રહ્યા હતા ત્યારે પરોઢિયે કાર-એક્સીડન્ટ થતાં તા. ૧૨-૧૨-૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને તત્ત્વની ઘણી રુચિ હતી.

અમરાવતીનિવાસી (હાલ-સોનગઢ) શ્રી લલિતાબેન દલીચંદભાઈ ખારા (વર્ષ—૮૬) તા. ૧૮-૧૨-૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ૪૦ વર્ષોથી સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા.

સોનગઢનિવાસી (હાલ—અમદાવાદ) શ્રી કમળાબેન ચુનીલાલ દામાણી (તે સ્વ. શ્રી હીરાચંદભાઈ દામાણી—સ્ટાર ઑફ ઈન્ડિયા—ના પુત્રવધૂ) (વર્ષ—૯૧) તા. ૨૫-૧૨-૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો ઘણો લાભ લીધો હતો. તેમણે કુટુંબના સભ્યોને પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લેવા ખૂબ પ્રેરણા કરી હતી.

વઢવાણનિવાસી (હાલ—વાસી, નવીમુંબઈ) શ્રી સવિતાબેન રસિકલાલ શાહ (વર્ષ—૯૦) તા. ૪-૧-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વઢવાણમાં નિયમિત તત્ત્વનો લાભ લીધો હતો ને મુંબઈ ગયા બાદ પણ ટેપ-પ્રવચન, શ્રવણ, સ્વાધ્યાય આદિ નિયમિત કરતા હતા.

દિલ્હીનિવાસી શ્રી દયાબેન પ્રેમચંદજી જૈન (વર્ષ–૮૮) તા. ૫-૧-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. દિલ્હી મુમુક્ષુ મંડળની સ્થાપના કરવામાં સક્રીય પતિ સ્વ. શ્રી પ્રેમચંદજી સાથે તેઓએ છેલ્લા ૬૦ વર્ષથી અનેકવાર સોનગઢ આવીને તત્ત્વજ્ઞાનનો ઘણો લાભ લીધો હતો.

જામનગરનિવાસી શ્રી વિનુભાઈ ચુનીલાલ વોરા (વર્ષ-૭૯) તા. ૬-૧-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ જામનગર તથા સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો ખૂબ લાભ લેતા હતા.

લીંબડીનિવાસી (હાલ-મુલુન્ડ) શ્રી પ્રાણલાલ ન્યાલચંદ શાહ (વર્ષ–૮૫) તા. ૧૭-૧-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ લીંબડી મુમુક્ષુ મંડળમાં ઘણી જ સેવા આપી હતી. તેમણે પૂજ્ય ગુરુદેવશ્રીનો ખૂબ લાભ લીધો હતો. તેઓ તત્ત્વ-અભ્યાસી હતા.

દિલ્હીનિવાસી (હાલ-મુંબઈ) શ્રી ગિરીશભાઈ જગજીવનદાસ હીરાચંદ જૈન (–તે સ્વ. શ્રી શાંતાબેન ખારા તથા શ્રી મુકુન્દભાઈ ખારાના ભાણેજ) (વર્ષ–૬૬) તા. ૨૧-૧-૧૧ના રોજ ઓચિંતા હાર્ટફેઈલ થતા દેવલાલી મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વની ઘણી રુચિ હતી.

સુરેન્દ્રનગરનિવાસી (હાલ–મુંબઈ) શ્રી મનહરલાલ ભીખાલાલ કોઠારી (વર્ષ–૮૮) તા. ૨૬-૧-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તત્ત્વ-અભ્યાસી હતા, વારંવાર સોનગઢ આવીને તત્ત્વનો લાભ લેતા હતા.

બાબરાનિવાસી (હાલ–અમદાવાદ) વકીલ શ્રી નટુભાઈ નરભેરામ અજમેરા (વર્ષ–૭૮) તા. ૨૮-૧-૧૧ના રોજ લાંબી બિમારી બાદ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પાલિતાણા ઘણો સમય રહ્યા ત્યારે નિયમિત સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વોપદેશનો ઘણો લાભ લીધો હતો.

સીંગોડીનિવાસી પં. શ્રી દેવેન્દ્રકુમારજી ટીકારાયજી જૈન (વર્ષ–૭૦) તા. ૩૧-૧-૧૧ના રોજ ટૂંકી બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીનો સાક્ષાત્ ઘણો લાભ લીધો હતો.

વાંકાનેરનિવાસી સ્વ. કરશનજી હરજીવન શાહના પુત્રવધૂ કમળાબેન (વર્ષ–૮૨) તા. ૨-૨-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને તત્ત્વનો ઘણો રસ હતો.

વિંછીયાનિવાસી (હાલ–મુંબઈ) શ્રી જયમનભાઈ હરીલાલ ટોળિયા (વર્ષ–૫૫) તા. ૩-૨-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લીંબડીનિવાસી (હાલ-સોનગઢ) બ્ર. ગુણીબેન મહાસુખલાલ મણિયાર (વર્ષ–૮૧) તા. ૬-૨-૧૧ના રોજ લાંબી બિમારી બાદ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ૫૦ વર્ષ સોનગઢ સ્થાયી રહીને તત્ત્વનો ઘણો લાભ લીધો હતો.

વાંકાનેરનિવાસી (હાલ-ચેન્નઈ) જ્યોત્સનાબેન રવિચંદભાઈ સંઘવી (વર્ષ–૮૨) તા. ૧૩-૨-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લાઠીનિવાસી (હાલ-સોનગઢ) શ્રી બાબુભાઈ ત્રિભોવનદાસ ઝવેરી (વર્ષ–૯૦) તા. ૨૫-૨-૧૧ના રોજ ટૂંકી બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ નાનપણથી જ પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સમાગમમાં આવેલા; સોનગઢ સ્થાયી નિવાસ કરીને છેલ્લા ઘણા વર્ષોથી નિવૃત્તિપૂર્વક સોનગઢ રહેતા હતા. જિનેન્દ્ર

અભિષેક, પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા અને પૂજ્ય ગુરુદેવશ્રીના દરેક ટેપ-પ્રવચનોનો નિરંતર લાભ લેવા ઉપરાંત શાસ્ત્ર-સ્વાધ્યાય, તત્ત્વચર્ચા અને તત્ત્વચિંતનમાં જ જીવન વ્યતીત કરેલ હતું. પૂજ્ય ગુરુદેવશ્રીના સેંકડો પ્રસંગોનું તેઓ વારંવાર સ્મરણ કરતા—કરાવતા હતા.

સાયલાનિવાસી (હાલ—સુરેન્દ્રનગર) સ્વ. શ્રી સૌભાગ્યભાઈના પ્રપૌત્ર શ્રી કાંતિલાલ જગજીવનદાસ શેઠ (વર્ષ—૮૬) તા. ૨૬-૨-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વઢવાણ મુમુક્ષુમંડળના સેક્રેટરી તરીકે ૨૦ વર્ષ સુધી સેવા આપી હતી, તેઓએ વર્ષો સુધી વઢવાણ મુમુક્ષુ મંડળમાં વાંચન કર્યું હતું.

વિંછીયાનિવાસી (હાલ જોરાવરનગર) શ્રી તારાબેન ચંપકલાલ ડગલી (વર્ષ—૯૮) તા. ૪-૩-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

સોનગઢનિવાસી બ્ર. મધુબેન મનસુખલાલ જોબાલિયા (વર્ષ—૭૧) તા. ૮-૩-૧૧ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તત્ત્વ-અભ્યાસી હતા.

ભુજનિવાસી ઉજમબેન કચ્છી (—તે ઝવેરીબેન કચ્છીના સુપુત્રી) (વર્ષ—૭૫) તા. ૮-૩-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી હરકિશનભાઈ સિરાજભાઈ (વર્ષ—૭૮) તા. ૨૧-૩-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જલગાંવનિવાસી (હાલ-સોનગઢ) બ્ર. હર્ષાબેન વ્રજલાલ મગનલાલ શાહ (—તે તંત્રી શ્રી અનુભાઈના મોટાબેન) (વર્ષ—૬૯) તા. ૨૨-૩-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ૧૯૬૩મા ૮ બહેનોએ બ્રહ્મચારી પ્રતિજ્ઞા લીધેલી તેમાંના તેઓ એક હતા. ત્યારથી તેઓએ સોનગઢ સ્થાયી રહીને તત્ત્વનો ખૂબ જ લાભ લીધો હતો. ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમમાં તેઓ સ્થાયી રહેતા હોવાથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રી ઉપરાંત પૂજ્ય બહેનશ્રીની સેવા-ભક્તિ અને તત્ત્વનો પણ વિશેષ લાભ મળેલ હતો.

વડોદરાનિવાસી સ્વાતિબેન અરવિંદભાઈ કામદાર (વર્ષ—૬૬) તા. ૧૨-૪-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલા આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

---

**રૂા. ૧૦,૦૦૦/- શ્રી રૂપાળીબેન તથા શ્રી અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી હસ્તે પૌત્ર ડૉ. મિલન (મયંક) તથા પૌત્રી વિમલ, લંડન તરફથી આ અંકના પ્રકાશનાર્થ સહયોગ મળેલ છે.**

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ જ વસ્તુ છે તેમાં રાગ જે અજ્ઞાનસ્વરૂપ છે તે કરવાનું આવતું જ નથી, પણ જ્ઞાનસ્વરૂપમાં ઠરવાનું જ આવે છે. જ્ઞાનસ્વરૂપમાં ઠરવું એ જ પ્રત્યાખ્યાન છે. આ જ્ઞાનસ્વરૂપમાં ઠરવાની જેને ખબર નથી તેને કઈ ભૂમિકામાં કેટલો રાગ આવે છે તેની ખબર જ હોતી નથી. ૫૬૪.

❀ ગ્રાહક એવી જ્ઞાનની પર્યાય પરજ્ઞેય તરફથી છૂટીને સ્વજ્ઞેય એવા નિજ ચૈતન્યતત્ત્વને ગ્રાહ્ય બનાવે છે ત્યારે પોતાની ચૈતન્યશક્તિનું અસંગપણું અનુભવવામાં આવતાં ઇન્દ્રિયના વિષયોથી સર્વથા ભિન્નપણું પ્રગટ થાય છે, તે જ ઇન્દ્રિયના વિષયનું જીતવું છે. ૫૬૫.

❀ માત્ર સંસાર અશરણ ને અનિત્ય છે તેમ માને પણ અંદર ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય આનંદ ને પૂરણ શાંતિથી ભરેલો છે તેમ દૃષ્ટિ કરતો નથી તેને ચૈતન્યની સમીપતા થતી નથી. ખરેખર તો ચૈતન્યની મહિમા પૂર્વક વિભાવોનો મહિમા છૂટી જાય છે. અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ શુભાશુભ રાગથી વિરક્ત થઈ જાય છે. ચૈતન્યની સમીપતા ને શુભાશુભ રાગની વિરક્તી બન્ને એક સાથે થાય છે. ૫૬૬.

❀ જડ-ઇન્દ્રિય, ભાવ-ઇન્દ્રિય તથા તેના વિષયોથી ભિન્ન એક અખંડ જ્ઞાયકને અનુભવવો તેનું નામ પરમાત્માની નિશ્ચયસ્તુતિ છે. અરિહંત પરમાત્માના શરીર દિવ્યવાણી આદિ પુણ્યપ્રકૃતિનું ચિંતવન કે ગુણગાન કરવાથી અરિહંતદેવની નિશ્ચયસ્તુતિ થતી નથી. પરંતુ જેવો નિજ પરમાત્મા છે તેનો તેવો વાસ્તવિક સ્વીકાર કરવો તેનું નામ ઇન્દ્રિયોનું જીતવું છે, તે જ પરમાત્માની સાચી સ્તુતિ છે. ૫૬૭.

❀ રાગ હોવા છતાં જ્ઞાનની પર્યાય રાગની સન્મુખતાથી ખસીને અંદર જ્ઞાયક સન્મુખ ઢળે એટલે બસ! પર્યાયે ત્રિકાળીનો સ્વીકાર કર્યો. પહેલાં પર્યાય પર્યાયનો સ્વીકાર કરતી હતી ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હતો ને પર્યાયે દ્રવ્યનો સ્વીકાર કર્યો એટલે સમ્યગ્દૃષ્ટિ થયો. આ તો અંદરથી આવેલી વસ્તુ છે. દુનિયા ગમે તેમ કહે પણ વસ્તુ છે તે ફરે તેમ નથી. વસ્તુ તો વસ્તુરૂપે જ રહેશે. ૫૬૮.

આત્મધર્મ
મે-૨૦૧૧
અંક-૯ * વર્ષ-૫

**Registered Regn. No. BVR-367/2009-2011**
**Renewed upto 31-12-2011**
**RNI Registration No. GUJGUJ/2006/18667**
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**